**આજનો સુવિચાર**

સમુદ્ર ભલે મોટો હોય પણ પાણી તો કુવાનું જ કામ આવે, તેમ નાનો વ્યકિત જેટલો કામમાં આવે તેટલો મોટો વ્યકિત કામમાં ન આવે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૬૫ જૂનાગઢ તા.૨૯-૬-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 165, Junagadh : Date : 29 Jun, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી : રેડએલર્ટ

અમદાવાદ તા. ૨૯

ગુજરાતમાં આગામી પાંચ દિવસભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. મોન્સૂન ટ્રફ અને સર્ક્યુલર સિસ્ટમ એમ બે-બે સિસ્ટમ સક્રિય થવાથી ગુજરાતભરમાં મેઘમહેર જોવા મળી રહી છે. ભારેથી અતિભારે વરસાદની આગાહીને લઈ માછીમારોને ૫ દિવસ દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે. ૨૪ કલાકમાં ગુજરાતના ૧૮૬ તાલુકામાંવરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધારે દક્ષિણ ગુજરાતમાં પારડી અને વલસાડમાં ૭ ઈંચ વરસાદ ખાબક્યો છે. આજે પણ દક્ષિણ ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

ગુજરાતમાં આજે ૨ જિલ્લા નવસારીઅને વલસાડમાં અતિભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી હોવાથી રેડ એલર્ટ જાહેર કરાયું છે. જ્યારે ૩ જિલ્લા સુરત, ડાંગ અને તાપીમાં ભારે વરસાદની આગાહીને પગલે હવામાન વિભાગે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે.

## પારડી અને વલસાડમાં ૭ ઈંચ સાથે છેલ્લા ૨૪ કલાકમાં રાજયનાં ૧૮૬ તાલુકામાં વરસાદ

ભારે વરસાદ અને પવનના કારણેમાછીમારોનેદરિયો નખેડવા સૂચના અપાઈ છે. દક્ષિણ ગુજરાતના અને સૌરાષ્ટ્રના માછીમારોને ચેતવણી આપવામાં આવી છે. માંડવી (કચ્છ), મુંદ્રા, કંડલા, નવલખી, જામનગર, સલાયા, ઓખા, પોરબંદર અને દક્ષિણ ગુજરાતના ભરૂચ, દહેજ, મગદલ્લા, દમણના માછીમારોને ચેતવણીઆપવામાં આવી છે. અહીં પવનની ગતિ ૪૦-૪૫ કિલોમીટર પ્રતિ કલાકની રહેવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે વલસાડ, સુરત, ભરૂચ, તાપી, ડાંગ અને નવસારીમાં અતિભારે વરસાદની આગાહી છે. જ્યારે સૌરાષ્ટ્ર-કચ્છમાં પણ વરસાદની સંભાવના છે. આજે સૌરાષ્ટ્રના જામનગર, રાજકોટ, મોરબી, દ્વારકા અને ભાવનગરમાં ભારે વરસાદ વરસી શકે છે તેમજ સુરત, નવસારી, વલસાડ અને દમણ, દાદરાનગર હવેલીમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ અરવલ્લી, સાબરકાંઠા, દાહોદ, મહીસાગર, વડોદરા, નર્મદા, ડાંગ, તાપી, ભરૂચમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. શનિવાર અને રવિવારે પણ દક્ષિણ ગુજરાતના ભાગોમાં ભારે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે. જેમાં નવસારી, વલસાડ, સુરત, ડાંગ અને દમણ, દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતાઓ છે. નવસારીમાં છેલ્લા ૩ દિવસથી સતત વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે જિલ્લામાં NDRFની એક ટીમ સ્ટેન્ડબાય રાખવામાંઆવીછે. ભારેવરસાદની આગાહીનેલઈને વહીવટીતંત્ર પણ સજ્જ થઈ ગયું છે.

## સોનીપતમાં નૂડલ્સ ખાધા બાદ ત્રણ બાળકોની તબિયત લથડી, બેના મોત

અમૃતસર તા. ૨૯

હરિયાણાના સોનેપતમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં નૂડલ્સ ખાધા પછી એક જ પરિવારના ત્રણ બાળકોની હાલત ખરાબ થઈ ગઈ. તબિયત લથડતા બાળકોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન બે બાળકોના મોત નીપજ્યા હતા.

હકીકતમાં, શહેરના રામનગર વિસ્તારમાં ભૂપેન્દ્રના પરિવાર દ્વારા નૂડલ્સ બનાવવામાં આવ્યા હતા. જે ખાધા બાદ ત્રણ બાળકોઅને તેમની માતા પૂજાની તબિયત લથડી હતી. હેમા, ૮, અને તરૂણ, ૬, સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા, જ્યારે પૂજા અને ત્રીજા બાળક, ગોલુ, હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. પોલીસને ઘટનાની માહિતી મળતા જ પોલીસ અધિકારીઓએ ફૂડ ઈન્સ્પેક્ટરને જાણ કરી હતી.

### ભારત વૈશ્વિક વિકાસ એન્જીન બનવા તરફ

# ૫ થી ૧૦ વર્ષમાં ૭ ટ્રિલિયન ડોલરની થઈ જશે ભારતની અર્થવ્યવસ્થા : HSBC



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૨૯

ભારતનીઅર્થવ્યવસ્થા ઝડપથી વધી રહી છે. કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર ૨૦૨૫ સુધીમાં દેશની અર્થવ્યવસ્થાને ઈ૩ ટ્રિલિયનથી વધારીને $5 ટ્રિલિયન કરવાના લક્ષ્ય પર કામ કરી રહી છે. વડાપ્રધાન મોદીએ તાજેતરમાં અમેરિકી સંસદને સંબોધિત કરતાં કહ્યું હતું કે ટૂંક સમયમાં આપણે વિશ્વની ત્રીજી અર્થવ્યવસ્થાબનીશું. હવે HSBC રિપોર્ટ પણ કહે છે કે ભારતમાં રોકાણ કરવાનો આ દાયકો છે. આગામી પાંચ-દસ વર્ષમાં ભારતીય અર્થતંત્ર ૭ ટ્રિલિયન ડૉલર સુધી પહોંચી શકે છે. બુધવારનો દિવસ પણશેરબજાર માટેસારો રહ્યો નવી ઉંચાઈઓને પ્રાપ્ત કરી હતી. સેન્સેક્સ ઓલ ટાઈમ હાઈ હાંસલ કરીને ૬૪ હજારને પાર કરી ગયો, જ્યારેનિફ્ટીએ પણ પહેલીવાર ૧૯ હજારનો આંકડો પાર કર્યો.

HSBC ના અહેવાલ મુજબ, મજબૂત આર્થિક વળદ્ધિ, યુવા વસ્તી, ઝડપી શહેરીકરણ અને મહત્વાકાંક્ષી મધ્યમ વર્ગના ઝડપી વૃધ્ધિને કારણે ભારત વૈશ્વિક અર્થતંત્રમાં ચમકવાનું ચાલુ રાખે છે. ભારતના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમનો ઝડપી વિકાસ, ડિજિટાઈઝેશન, હાઈ-ટેક નિકાસ અને કોર્પોરેટ બેલેન્સ શીટ મજબૂતી જેવા નવા વિકાસના ડ્રાઈવરો ભારતીય અર્થતંત્રની વૃધ્ધિની સંભાવના અને રોકાણની સંભાવનાને વધારે છે.

ભારતમાં પાંચથી દસ વર્ષમાં રોકાણની તકો ઊભી થવી જોઈએ. મજબૂત સિદ્ધાંતો સાથે, ભારત આગામી દાયકામાં વૈશ્વિકવિકાસનું એન્જીન બનવાની દિશામાં છે.

ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હાઈ-ટેક નિકાસ અને ગતિશીલ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ભારતીય અર્થવ્યવસ્થાના નવા ચાલક બનશે. ત્રણેય વ્યવસાય માટે અનુકૂળ વાતાવરણ સર્જી રહ્યા છે.

# ૧ જુલાઈથી પેટ્રોલ ડીઝલના ભાવ ઘટાડાની શકયતા



(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૨૯

હાલ દરેક વ્યક્તિને મોંઘવારીની ચિંતા સતાવી રહી છે. જીવન જરૂરિયાતી વસ્તુઓના સતત વધતા ભાવથી લોકોને ડર લાગી રહ્યો છે. ભાવ ઉંચેને ઉંચે જઈ રહ્યા છે, પણ નીચે ઉતરતા નથી. આવામાં હવે પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટાડાની ફરીથી ચર્ચા ઉઠી છે. ૧ જુલાઈથી પેટ્રોલ ડીઝલના ભાવમાં ઘટાડાની ડીલર વર્તુળોમાં જોરદાર ચર્ચા ચાલી રહ્યાં છે. આ ચર્ચાથી નાગરિકો ગેલમાં આવી ગયા છે.

વાત એમ છે કે, ક્રુડના ભાવ સતત નીચે ઉતરી રહ્યાં છે. આ કારણે પેટ્રોલ-ડીઝલના ભાવ પણ ઘટે તે માટે સતત દબાણ વધી રહ્યું છે. ત્યારે ચર્ચા ઉઠી છે કે, ૧ જુલાઈથી સરકાર પેટ્રોલ ડીઝલના ભાવમાં ઘટાડો જાહેર કરે તેવી પૂરતી શક્યતા છે. જો આવુ થયુ તો લોકોના ખિસ્સાનો ભાર હળવો થશે. જોકે, સરકાર કેટલો ભાવ ઘટાડો જાહેર કરે તેની કોઈ માહિતી હજી નથી.

ક્રુડના ભાવ ૬૬ ડોલર ઘટી ગયા છે. આ વાતને ૧૪ માસ જેટલો સમય વીતી ગયો છે. છતાં પેટ્રોલ કે ડીઝલમાં કોઈ રાહત મળી નથી. ઉપરથી જીવન જીરૂરિયાતી તમામ વસ્તુઓના ભાવ સતત ઉંચા જઈ રહ્યાં છે. ટામેટા, ઘઉં, કઠોળ, વગેરેના ભાવ સાતમા આસમાને પહોંચ્યા છે. તેમજ ક્રુડના ભાવ ઘટ્યા છતાં, ૨૦૨૨ ના મે મહિના બાદ પેટ્રોલ-ડીઝલના ભાવમાં કોઈ ઘટાડો કરવામાં આવ્યો નથી. આ કારણે લોકો આ અંગે રાહતના સમાચાર ક્યારે આવે તેની રાહમાં છે.

## આજથી દેવપોઢી એકાદશી સાથે ચાતુર્માસનો પ્રારંભ

અમદાવાદ તા. ૨૯

આજે (૨૯ જૂન) દેવપોઢી એકાદશીથી ચાતુર્માસનો પ્રારંભ થયો છે. શ્રાવણ, ભાદ્રપદ, અશ્વિન અને કારતક, આ ચાર મહિના ચાતુર્માસમાં રહે છે, પરંતુ આ વખતે અધિક માસ હોવાથી ચાતુર્માસ ચાર નહીં પણ પાંચ મહિનાનો રહેશે. ૨૦૨૩થી ૧૯ વર્ષપહેલાં ૨૦૦૪માં અધિકમાસ હતો. આ કારણે શ્રાવણ ૫૮ દિવસ સુધી ચાલશે. દેવપોઢી એકાદશીથી દેવઊઠી એકાદશી (૨૩ નવેમ્બર) સુધી ૧૪૮ દિવસની તહેવારની મોસમ હશે, જેમાં ૯૭ દિવસના ઉપવાસ અને તહેવારો ઉજવવામાં આવશે.

એવું માનવામાં આવે છે કે ભગવાન વિષ્ણુ દેવપોઢી એકાદશીથી આરામ કરે છે. આ વર્ષે અધિકમાસ હોવાને કારણે વિષ્ણુજી ચાર નહીં પણ પાંચ મહિના આરામ કરશે. શિવ પૂજાનો મહિનો ૪ જુલાઈ ૨૦૨૩થી શરૂ થશે, જે ૩૧ ઓગસ્ટ સુધી ચાલશે. ૧૮ જુલાઈથી ૧૬ ઓગસ્ટ સુધી અધિક માસ રહેશે. પંચાંગના દરેક મહિનામાં સૂર્ય સંક્રાંતિ આવે છે એટલે કે સૂર્ય તેની રાશિ બદલી નાખે છે, પરંતુ અધિક મહિનામાં સંક્રાંતિ આવતી નથી.

# ગુજરાતમાં વધુ પાંચ શહેરો નવસારી, ગાંધીધામ, સુરેન્દ્રનગર, વાપી અને મોરબી નગરપાલિકા અપગ્રેડ થઈને મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફેરવાઈ જશે

(અ. બ્યુરો) અમદાવાદ તા. ૨૯

ગુજરાતમાં વર્તમાનમાં ૮ મોટા શહેરમાંમ્યુનિસિપલ કોર્પોરેશન છે. ત્યારે ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકારે રાજ્યમાં વધુ ૫ શહેરને મ્યુનિસિપલ કોર્પોરેશન જાહેર કરી છે. આમ, નવી અસ્તિત્વમાં આવનારી ૫ મનપા સાથે રાજ્યમાં કુલ ૧૩ મનપા બનશે. જેમાં નવસારી, ગાંધીધામ, સુરેન્દ્રનગર, વાપી અને મોરબી સામેલ છે. અત્યાર આ પાંચેય શહેર નગરપાલિકા ધરાવે છે. તેમને અપગ્રેડ કરીને મ્યુનિસિપલ કોર્પોરેશન બનાવાશે.

આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં કેબિનેટની બેઠક મળી હતી. જેમાં રાજ્યના ૫ શહેરને મ્યુનિસિપલ કોર્પોરેશન જાહેર કરાઈ હતી. જેમાં નવસારી, ગાંધીધામ, સુરેન્દ્રનગર, વાપી અને મોરબી નગરપાલિકા અપગ્રેડ કરીને મ્યુનિસિપલ કોર્પોરેશન ફેરવવાનો નિર્ણય કરાયો હતો. કેબિનેટની બેઠકમાં રાજ્ય સરકારે લીલી ઝંડી આપી હતી.

૨૦૧૦માં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન કાર્યરત થઈ હતી. તેને ૧૩ વર્ષ થયા છે, ત્યારે રાજ્યમાં વધુ પાંચ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઉમેરો કરવામાં આવશે. નવી પાંચ મ્યુનિસિપલ કોર્પોરેશન કાર્યરત થતાંની સાથે જ ગુજરાતમાં કુલ મ્યુનિસિપલ કોર્પોરેશનની સંખ્યા વધીને ૧૩ થશે. હાલમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરત, રાજકોટ, ભાવનગર, જામનગર અને જૂનાગઢ જેવી ૮ મ્યુનિસિપલ કોર્પોરેશન છે.

# કોંગ્રેસનાં નેતૃત્વ હેઠળ વિરોધ પક્ષોની મહત્વની બેઠક ૧૪ જુલાઈએ યોજાશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી, તા.૨૯

વિરોધ પક્ષોની મહત્વની બેઠક હવે ૧૪ જુલાઈના રોજ યોજાશે. આ અગાઉ આ બેઠક ૧૦ કે ૧૨ જુલાઈએ થવાની હતી. હાલમાં આ બેઠક માટે હિમાચલ પ્રદેશની રાજધાની સિમલાની પસંદગી કરવામાં આવી છે. સુત્રોમાંથી મળતી જાણકારી મુજબ આ બેઠક પણ સિમલાના બદલે જયપુરમાં થઈ શકે છે. સૂત્રોનું માનીએ તો બેઠકના સ્થળ અંગે હજુ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી. કોંગ્રેસ પાર્ટી આ બેઠકનું નેતૃત્વ કરશે. હિમાચલ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ પ્રતિભાસિંહે દાવો કર્યો હતો કેવિરોધ પક્ષોની આ સામાન્ય બેઠક આગામી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં જીતનો પાયો નાખશે. આ અગાઉ ૨૩ જૂને યોજાયેલી બેઠકમાં ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકારને પડકારવા માટે વિપક્ષી પક્ષો એક થવા પર અંતિમ સંમતિ સધાઈ હતી. હવે ૧૪મી જુલાઈએ મળનારી બેઠકમાં આ અંગે વિસ્તૃત ચર્ચા કર્યા બાદ મહાગઠબંધન અને તેના રાષ્ટ્રીય સંયોજકના નામ પર સર્વસંમતિ સધાઈ શકે છે.

### હાઈટેન્શન તાર સાથે રથ અડી જતાં બનાવ બન્યો

# ત્રિપુરાનાં કુમારઘાટમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમ્યાન દુર્ઘટના : ૭નાં મોત

અગરતાલ તા. ૨૯: ત્રિપુરામાં એક મોટી દુર્ઘટના બની છે. અહીંના કુમારઘાટમાં ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઈ હતી. જ્યાં રસ્તામાં વીજળીના હાઈ ટેન્શન વાયર સાથે રથ અથડાઈ ગયો હતો. આ કારણે તેમાં કરંટ ફેલાયો અને આ અકસ્માતમાં ૭ લોકોના મોત થયા છે. જ્યારે ૧૫ લોકો દાઝી ગયા છે. ઘટનાને પગલે આ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પીડિતોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આ હૃદયદ્રાવક ઘટના ગતસાંજે લગભગ ૪.૩૦ વાગ્યે ઉનાકોટી જિલ્લાના કુમારઘાટ ખાતે બની હતી. અહીં ભગવાન જગન્નાથનો 'ઉલ્ટા રથયાત્રા' ઉત્સવ ઉજવવામાં આવી રહ્યો હતો. જેમાં ભગવાન બલભદ્ર, દેવી સુભદ્રા અને ભગવાન જગન્નાથની રથયાત્રા યોજાઈ હતી. લોખંડના બનેલા વિશાળ રથને હજારો લોકો હાથ વડે ખેંચી રહ્યા હતા. દરમિયાન લોખંડનો રથ માર્ગમાંથી બહાર આવતા હાઈટેન્શન વીજ વાયર સાથે અથડાયો હતો. રથમાં જોરદાર કરંટ ફેલાઈ ગયો અને લગભગ બેડઝન લોકોને વીજ કરંટ લાગ્યા. કરંટ લાગવાથી ૬ લોકોના મોત થયા હતા અને ૧૫ લોકો દાઝી ગયા હતા.

## ટાઈટન કેપ્સ્યૂલનો કાટમાળ સમુદ્રમાંથી મળી આવ્યો:માનવ અવશેષોના ટુકડા પણ મળી આવ્યા

પોર્ટલેન્ડ તા. ૨૯

ટાઈટેનિક જહાજનો કાટમાળ બતાવવા માટે ગયેલી ટાઈટન કેપ્સ્યૂલનો કાટમાળ ૬ દિવસે બુધવારે મળી આવ્યો હતો. આ કાટમાળ ઘણા ટુકડાઓમાં મળી આવ્યો છે. તેને કેનેડાના સેન્ટ જોન્સ પોર્ટ ખાતે લાવવામાં આવ્યા હતા. ૧૮ જૂનના રોજ આ કેપ્સ્યૂલ એટલાન્ટિક મહાસાગરમાં ૧૨૦૦૦ ફૂટ નીચે ગઈ હતી. જે બાદ તે ગુમ થઈ ગઈ હતી. ચાર દિવસ બાદ ૨૨ જૂને તેનો કાટમાળ ટાઈટેનિક જહાજથી ૧૬૦૦ મીટર દૂરથી મળી આવ્યો હતો. તેમાં ૪ પ્રવાસીઓ અને એક પાયલોટ હતા. ન્યૂઝ એજન્સી એપીના જણાવ્યા અનુસાર યુએસ કોસ્ટ ગાર્ડના અધિકારીઓએ કહ્યું છે કે કેપ્સ્યૂલના કાટમાળમાંથી માનવ અવશેષો મળી આવ્યા છે. આ અવશેષોને મેડિકલ ટીમને તપાસ માટે મોકલવામાંઆવશે. બીબીસીના જણાવ્યા અનુસાર કેપ્સ્યૂલના કાટમાળમાંથી લેન્ડિંગ ફ્રેમ, રિયર કવર સહિત ૫ ભાગો મળી આવ્યા છે. કોસ્ટ ગાર્ડે કહ્યું કે કેપ્સ્યૂલનો મોટાભાગનો કાટમાળ હજુ પણ ટાઈટેનિક જહાજ પાસે પડેલો છે. તેને જલ્દીથી બહાર કાઢવાનો પ્રયાસ કરાશે. કેપ્સ્યૂલના કાટમાળની ફોરેન્સિક તપાસ કરવામાં આવશે જેથી તે જાણી શકાય કે તેમાં શા માટે વિસ્ફોટ થયો હતો.

## યુપીના ૩૧ જિલ્લામાં ભારે વરસાદની આગાહી

નવી દિલ્હી તા. ૨૯

દેશના મોટાભાગના રાજ્યોમાં ભારે વરસાદને કારણે લોકોને ગરમીથી રાહત મળી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસારઆગામી ૨૯ જૂન સુધી ભારે વરસાદ પડી શકે છે અને ૩૦ જૂનથી વરસાદનુ જોર ધીમે ધીમે ઘટવાની શક્યતા છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં છેલ્લા બે દિવસથી વરસાદ વરસી રહ્યો છે ત્યારે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે દિલ્હીમાં વાવાઝોડા સાથે ભારે વરસાદ થઈ શકે છે. આ ઉપરાંત આગામી ૪ જુલાઈ સુધી દિલ્હીમાં વીજળીના કડાકા ભડાકા સાથે ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે દિલ્હી સહિત ઉત્તર પ્રદેશમાંના ૩૧ જિલ્લામાં વરસાદની આગાહી કરી છે તેમજ યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.


**દુકાન વેચવાની છે**

જૂનાગઢનાં ભરચક વિસ્તાર પંચહાટડી ચોકમાં જે.ડી. ચેમ્બર પહેલા માળે બે દુકાન નં. ૭ અને ૮ કુલ ૨૦૨ ફુટ વેચાણથી આપવાની છે. તદ્દન વ્યાજબી ભાવમાં

સંપર્ક : ૯૯૨૫૭ ૫૫૦૦૮

**બંગલો વેચવાનો છે**

દોમડીયા વાડીની પાસે, ગીરીકુંજ સોસાયટીમાં, શાંતિપ્રીય, આધ્યાત્મિક, સંપૂર્ણ વાસ્તુશાસ્ત્રને Touch હવા-ઉજાસ, પાંચ મોટા રૂમ, મોટો ડ્રોઈંગ રૂમ, મોટા ડાઈનીંગ સાથે કીચન, ૯૦૦૦ લીટર ચોમાસાના પાણીનો ભૂગર્ભ ટાંકો, તમામ બારીમાં મચ્છર જાળી, સેન્ચ્યુરી પ્લાય, રોયલ ટચ સનમાઈકા સાથેનું ફુલ ફીકસ ફર્નિચર, આજની બજાર કિંમતથી અડધી કિંમતે આધુનિક, ઉત્તરાભિમુખ, ૧૫૨ વારની જગ્યાવાળો બંગલો ખૂબજ વ્યાજબી ભાવે વેચવાનો છે.

સંપર્ક : ૭૫૭૫૮ ૦૬૫૮૫

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.) Pune

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવારકરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : પ્લોટ નં. ૪૧૭, જી.આઈ.ડી.સી.-૨, જૂનાગઢ.
સમય : સવારે ૧૦થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



સૌરાષ્ટ્રભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# પ્રેસની આઝાદી છીનવી લેવાની કિંમત ઈન્દિરાગાંધીએ સત્તા ગુમાવીને ચુકવવી પડી

આજકાલ વિપક્ષો બૂમરાણ મચાવી રહ્યા છે કે લોકતંત્ર અને બંધારણ ખતરામાં છે અને અસહમતિના અવાજને દબાવવામાં આવી રહ્યો છે. આવું કહેનારાઓમાં વળી કોંગ્રેસ સૌથી આગળ છે! એવામાં એ યાદ કરી લેવું જરૂરી છે કે જયારે ૨૫ જૂન, ૧૯૭૫ની રાત્રે કટોકટી લાદી દેવામાં આવી ત્યારે દેશમાં શું-શું થયું હતું? ઈન્દિરા ગાંધીની કટોકટી સ્વતંત્ર પ્રેસ માટે એ સમયનો કોરોના કાળ સાબિત થઈ હતી. એ દોરમાં મુખ્ય રાષ્ટ્રીય અખબારોના કાર્યાલય દિલ્હીના જે બહાદુરશાહ જફર માર્ગ પર હતા, ત્યાંની વીજળી કાપી નાખવામાં આવી, જેથી બીજા દિવસે અખબારો પ્રકાશિત ન થઈ શકે. જે અખબારો છપાઈ ગયાં, તેનાં બંડલો જપ્ત કરી લેવામાં આવ્યાં. ફેરિયાઓ પાસેથી અખબારો છીનવી લેવામાં આવ્યા. આદેશ હતો વીજળી કાપી નાખો, મશીન અટકાવી દો, બંડલો છીનવી લો. ૨૬ જૂનની બપોર સુધી પ્રેસ સેન્સરશિપ લાગુ કરીને અભિવ્યક્તિની આઝાદીને કચડી નાખવામાં આવી. અખબારોની ઓફિસોમાં અધિકારીઓ બેસાડી દેવામાં આવ્યા. સેન્સર અધિકારીની અનુમતિ વિના અખબારોમાં રાજકીય સમાચાર છાપી નહોતા શકાતા.

જ્યારે માહિતી અને પ્રસારણ મંત્રી ઈન્દ્રકુમાર ગુજરાલ સરકારને અનુકૂળ મીડિયાને નિયંત્રિત ન કરી શક્યા તો તેમને હટાવીને વિદ્યાચરણ શુક્લાને નવા મંત્રી બનાવવામાં આવ્યા. ૫૦થી વધારે પત્રકારો, ફોટોગ્રાફરોની સરકારી માન્યતા રદ કરી દેવામાં આવી. પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયાને ભંગ કરી દેવામાં આવી. આવકવેરા અને વીજળીના બાકી બિલના બહાને અખબારો પર છાપા મારવામાં આવ્યા. બેંકોને લોન આપવાથી અટકાવી દેવામાં આવી. કેટલાક અખબારોનું પ્રબંધન સત્તા સમર્થક લોકોના હાથમાં સોંપવાનો પણ પ્રયાસ થયો. કેટલાક અખબારોએ સેન્સરશિપના વિરોધમાં સંપાદકીય સ્થાનને ખાલી છોડી દીધું. તેમના સંપાદકોની ધરપકડ કરી લેવામાં આવી. એ સમયે થોડા પત્રકારો-અખબારોને છોડીને મોટાભાગના સરકાર સામે ઘૂંટણિયે પડી ગયા. સેન્સરશિપને કારણે જે.પી. સહિત અન્ય કયા કયા નેતા ક્યારે ધરપકડ કરાઈ, તેમને કઈ કઈ જેલોમાં રાખવામાં આવ્યા, આ સમાચાર છપાવા ન દેવામાં આવ્યા. ત્યાં સુધી કે સંસદ અને ન્યાયાલયની કાર્યવાહી પર પણ સેન્સરશિપ લાગુ કરી દેવામાં આવી. સંસદમાં જો કોઈ સદસ્યએ કટોકટીકાળ, વડાપ્રધાન કે સેન્સરશિપ વિરુદ્ઘ ભાષણ આપ્યું, તો તે ક્યાંય છપાઈ શકતું ન હતું. માકપા નેતા નાંબુદ્રીપાદે વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને પત્રમાં લખ્યું હતું કે આઝાદીના આંદોલનમાં અંગ્રેજોએ વિરોધી નેતાઓનાં નામ અને નિવેદન છાપવા પર રોક નહોતી લગાવી. તેમનો એ પત્ર ક્યારેય છપાઈ ન શક્યો. ન્યાયાલયમાં સરકાર વિરૂધ્ધ આપવામાં આવેલ નિર્ણયોને છાપવાની પણ મનાઈ હતી.

આ વિટંબણા હતી કે જે ઈન્દિરા ગાંધીએ ૧૯૭૫માં પ્રેસ સેન્સરશિપ લાગુ કર્યું, તેમના જ પતિ ફિરોજ ગાંધી પ્રેસની આઝાદી અને વિચારોની સ્વતંત્રતા માટે લડતા રહ્યા. આઝાદી બાદ પ્રારંભિક વર્ષોમાં સંસદીય કાર્યવાહીને છાપવા પર અનેક પ્રતિબંધો લગાવી દેવાયા હતા અને તેનું ઉલ્લંઘન કરવા પર પત્રકારો પર કેસ ચલાવી શકાતો હતો. ફિરોજ ગાંધીના પ્રયાસથી આ પ્રતિબંધ હટ્યો. ઈન્દિરા ગાંધીએ ૧૯૭૨-૭૩માં પણ અખબારોની આઝાદી પર અંકુશ લગાવવાનો પરોક્ષ પ્રયાસ કર્યો હતો. એ દિવસોમાં ન્યૂઝપ્રિન્ટ આયાત કરવામાં આવતી હતી અને સરક્યુલેશનના આધાર પર તેનો ક્વોટા નિર્ધારિત થતો હતો ૧૯૭૨-૭૩માં ન્યૂઝપ્રિન્ટ પોલિસી અંતર્ગત સરકારે નવા પ્રતિબંધો લગાવી દીધા. તેમના અનુસાર કોઈ સમાચારપત્ર સમૂહ બેથી વધારે અખબાર કે નવાં સંસ્કરણ કાઢી શકતા નહોતા, અખબાર દસ પાનાંથી વધારેનાં ન હોઈ શકે. સમૂહની અંદર ક્વોટાની અદલા-બદલી નહોતી થઈ શકતી. આ મામલે ઈન્દિરા સરકારને સુપ્રીમ કોર્ટમાં પછડાટ મળી. સરકાર કટોકટીના અત્યાચારોના સમાચાર વિદેશી અખબારોમાં છપાવાથી નહોતી રોકી શકતી. ઈન્દિરા ગાંધી વિદેશી પત્રકારોથી નારાજ હતાં. લોકો વિશ્વસનીય સમાચાર માટે આકાશવાણીને બદલે બીબીસી પર ભરોસો કરવા લાગ્યા હતા. ભારતમાં બીબીસીના મુખ્ય સંવાદદાતા માર્ક ટુલીને ૨૫ કલાકની અંદર દેશ છોડવા માટે મજબૂર કરવામાં આવ્યા. ટાઈમ, ન્યૂઝ વીક, ધ ડેલી ટેલીગ્રાફના પત્રકારોએ પણ ભારત છોડવા માટે મજબૂર કરવામાં આવ્યા. ટાઈમ, ન્યૂઝ વીક, ધ ડેલી ટેલિગ્રાફના પત્રકારોએ પણ ભારત છોડવું પડ્યું. સરકાર પર કટાક્ષ કરનારા કાર્ટન, વ્યંગ્ય, જોક્સ પણ સેન્સરના મારથી બચી ન શક્યા. વ્યંગચિત્રોની પ્રસિદ્ઘ પત્રિકા 'શંકર્સ વીકલી'એ પ્રકાશન બંધ કરવું પડ્યું. વીકલીએ અંતિમ સંપાદકીયમાં લખ્યું - 'તાનાશાહી ક્યારેય હાસ્ય સ્વીકારી શકતી નથી, કારણ કે ત્યારે લોકો તાનાશાહ પર હસશે.'

માત્ર પત્રકારો જ નહીં, ફિલ્મી હસ્તીઓ પર પણ વીજળી ત્રાટકી. જે હસ્તીઓ સરકારના સમર્થનમાં ન હતી, તેમને બ્લેક લીસ્ટમાં નાખી દેવામાં આવી. કિશોર કુમારનાં ગીતોનું આકાશવાણી અને દૂરદર્શન પર પ્રસારણ અટકાવી દેવામાં આવ્યું. ગુલઝારની ફિલ્મ 'આંધી' પર પ્રતિબંધ મૂકી દેવાયો, કારણ કે સુચિત્રા સેન અને સંજીવ કુમાર ફિલ્મમાં ઈન્દિરા અને ફિરોજને મળતાં આવતાં લાગતા હતા. કોંગ્રેસ સાંસદ અમૃત નાહટાની ફિલ્મ 'કિસ્સા કુર્સી કા' પણ સરકારના કોપનો શિકાર બની.

અખબારોના સમાચારો પર સેન્સરને કારણે ભૂમિગત પ્રચારતંત્ર તૈયાર થઈ ગયું. ગુપ્ત રીતે નીકળનારી પત્ર-પત્રિકાઓ, ચોપાનિયાંનું વિતરણ અને જાહેર દીવાલો પર ચોરીછૂપી નારા વગેરે લખવાનું જ જોખમભર્યું માધ્યમ રહી ગયું હતું. ધરપકડના ડરથી સાઈક્લોસ્ટાઈલ કરીને ચોરી-છૂપી ચોપાનિયાં, પત્રિકાઓ વિતરિત કરાતી હતી. પ્રેસ પર એટલા કઠોર અંકુશ લગાવવાનું દુષ્પરિણામ એ આવ્યું કે ઈન્દિરા ગાંધી જમીની હકીકતથી દૂર થઈ ગયાં. જનતાના મોટા વર્ગની અંદર એવો આક્રોશ પેદા થયો કે કટોકટી હટ્યા બાદ જ્યારે સંસદીય ચૂંટણી થઈ, ત્યારે લગભગ આખા ઉત્તર ભારતથી કોંગ્રેસનો સફાયો થઈ ગયો. પ્રેસની આઝાદી છીનવવાની કિંમત ઈન્દિરા ગાંધીએ સત્તા ગુમાવીને ચૂકવવી પડી.

### ગુજરાતની પ્રખ્યાત કેસર કેરીની હવે વિદેશમાં પણ બોલબાલા:

# અમદાવાદના બાવળા ખાતે સ્થપાયેલી ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી ખાતેથી કેસર કેરીના નિકાસની શરૂઆત

## પ્રથમ સીઝનમાં બે લાખ કિલોથી વધારે કેસર કેરીનું ઈ-રેડીયેશન કરી અમેરિકા અને દક્ષીણ આફ્રિકા સહિતના દેશમાં નિકાસ થયો: કૃષિ મંત્રી રાઘવજી પટેલ

અમદાવાદ તા.૨૯

ભારત જેવા કૃષિ પ્રધાન દેશના આર્થિક વિકાસમાં ખેતી અને ખેડૂત બંને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આજે દેશના ખૂણે-ખૂણેથી અનેક ખેત ઉત્પાદનોનો વિશ્વના વિકસિત દેશોમાં નિકાસ થઈ રહ્યો છે. કૃષિ ઉત્પાદનોના નિકાસમાં પણ ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર છે, તેમ કૃષિ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું.

મંત્રી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર ખેડૂતોની આવક વધારવા તેમજ ખેડૂતોને તેમની ઉપજના મહત્તમ ભાવ મળે તે માટે સતત પ્રયત્નશીલ છે. જેના પરિણામે આજે ગુજરાતનો કપાસ, મગફળી અને ફળો સહિતની ખેત પેદાશોનો અન્ય દેશોમાં નિકાસ થઈ રહ્યો છે. ગુજરાતના ધરતીપુત્રો જાતે જ તેમની ઉચ્ચ ગુણવત્તાયુક્ત ખેત પેદાશો નિકાસ કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા તબક્કાવાર વિવિધ માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. અમદાવાદ નજીક બાવળા ખાતે રાજ્ય સરકારે સ્થાપેલી ગુજરાત એગ્રો રેડિયેશન પ્રોસેસિંગ ફેસિલિટી યુનિટ દ્વારા પ્રથમ સિઝનમાં જ બે લાખ કિલોગ્રામથી વધુ કેસર કેરીનું ઈ-રેડિયેશન કરી તેનો નિકાસ કરવામાં આવ્યો છે.

કૃષિ મંત્રીએ વધુમાં ઉમેર્યુ હતું કે, રાજ્યના કૃષિ વિભાગ હસ્તકની ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લી. દ્વારા રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ રૂ. ૨૦ કરોડના ખર્ચે આ રેડિયેશન પ્રોસેસિંગ યુનિટની સ્થાપના કરવામાં આવી હતી. આ યુનિટને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર તેમજ બોર્ડ ઓફ રેડિયેશન એન્ડ આઈસોટોપ ટેક્નોલોજીના માર્ગદર્શન અને ટેક્નીકલ સમર્થન હેઠળ તૈયાર કરાયું છે. વર્ષ ૨૦૨૨માં યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઓફ એગ્રીકલ્ચર-એનિમલ એન્ડ પ્લાન્ટ હેલ્થ ઈન્સ્પેક્શન સર્વિસ (USDA-APHIS) દ્વારા મંજૂરી મળતા આ યુનિટ ગુજરાતનું સૌપ્રથમ અને દેશનું ચોથું USDA-APHIS સર્ટીફાઈડ ઈ-રેડિયેશન યુનિટ બન્યું છે. આ મંજૂરી મળ્યા બાદ ગુજરાતમાં કેરી અને દાડમ પકવતા ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળશે તેવી લાગણી મંત્રીએ વ્યક્ત કરી હતી.

મંત્રીએ ઉમેર્યું હતું કે, ઈ-રેડીયેશન યુનીટને USDA-APHISની મંજૂરી મળ્યા બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને રાજ્ય સરકારના સતત પ્રયત્નોના પરિણામે પ્રથમ ઉનાળાની સિઝનમાં દરમિયાન બે લાખ કિલોથી વધુ કેસર કેરીનું આ યુનિટ દ્વારા ઈ-રેડિયેશન કરી તેનો અમેરિકા અને દક્ષીણ આફ્રિકા સહિતના દેશોમાં નિકાસ કરવામાં આવ્યો છે. તેમણે ઉમેર્યું કે, અગાઉ કેરી જેવા ફળોનો નિકાસ કરવા માટે ગુજરાતના ખેડૂતોએ મુંબઈ જઈ ફળોનું ગામા ઈ-રેડિયેશન કરાવવું પડતું હતું. જેના પરિણામે ફળોનો બગાડ અને પરિવહન ખર્ચમાં વધારો થતો હતો. હવે આ યુનિટ કાર્યરત થવાથી ખેડૂતો અમદાવાદ-બાવળા ખાતે જ ફળોનું ગામા ઈ-રેડિયેશન કરાવી નિકાસ કરી તેમના પાકનો ઉત્તમ ભાવ મેળવતા થયા છે.

વધુમાં મંત્રી પટેલે ઉમેર્યું હતું કે, કૃષિ વિભાગના ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા અમદાવાદ એક જ જિલ્લામાં કેરીની નિકાસ માટે જરૂરી એવા ગામા ઈરેડિયેશન યુનિટ, ઈન્ટીગ્રેટેડ પેક હાઉસ અને પેરીશેબલ એર કાર્ગો કોમ્લેક્ષ સહિતની ત્રણેય મુખ્ય માળખાકીય સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. એમાં પણ USDA-APHISની મંજૂરી મળવાના કારણે હવે આ ત્રણેય સુવિધાઓનાં સંયોજિત ઉપયોગથી કેરી અને દાડમની ગુણવત્તાની જાણવણી, બગાડનો અટકાવ તથા પરિવહન ખર્ચમાં પણ ઘટાડો થતા ખેડૂતોને તેનો મહત્તમ લાભ મળવાનો શરુ થયો છે. આગામી સમયમાં આ સુવિધાઓનો રાજ્યના ખેડૂતો મહત્તમ લાભ લે તે માટે પણ મંત્રીએ અપીલ કરી હતી.

# સૌરાષ્ટ્રમાં હવે ૯ ટ્રેનો ઈલેક્ટ્રિક એન્જિન સાથે દોડશે




રાજકોટ,તા.૨૯

રાજકોટ સહિત સૌરાષ્ટ્રના મુસાફરો માટે સારા સમાચાર છે. રેલવે વિભાગ દ્વારા રાજકોટ રેલવે ડિવિઝનમાં ૪૩૩ કિલોમીટરનું ઈલેક્ટ્રિકફિકેશનનું કામ પૂર્ણ થતાં જુલાઈ મહિનાથી તેનો સીધો ફાયદો મળવા જઈ રહ્યો છે. રેલવે વિભાગના કહેવા પ્રમાણે જુલાઈ મહિનાથી લાંબા અંતરની ૯ ટ્રેનો ઈલેક્ટ્રિક એન્જિન સાથે દોડશે જેનાથી મુસાફરોને સીધો ફાયદો થશે.રાજકોટ રેલવે ડિવિઝનની ૯ લાંબા રૂટની ટ્રેનોમાં ઈલેક્ટ્રિક એન્જિન લગાવાવમાં આવશે. જેમાં દુરન્તો ટ્રેન જે હાપાથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે દોડે છે, હમસફર ટ્રેન જે જામનગર અને બાંદ્રા વચ્ચે દોડે છે, આ ઉપરાંત જામનગરથી માતા વૈષ્ણોદેવી કટરા અને હાપાથી માતા વૈષ્ણોદેવી કટરા વચ્ચે દોડતી ટ્રેનો સહિત ૯ ટ્રેનોમાં ઈલેક્ટ્રિકએન્જિન લગાવાવમાં આવશે. જેને લઈને સૌરાષ્ટ્રના મુસાફરોને ફાયદો થશે.અત્યાર સુધી અમદાવાદ સુધી ઈલેક્ટ્રિક લાઈન હતી. ત્યારે હવે મુસાફરોની સુવિધામાં વધારો કરવા માટે ઈલેક્ટ્રિક લાઈન રાજકોટ ડિવિઝનના ઓખા સુધી લંબાવવામાં આવી છે. રાજકોટ ડિવિઝનમાં ઈલેક્ટ્રિકફિકેશનનું કામ પૂર્ણ કરી દેવામાં આવ્યુ છે, ત્યારે હવે રાજકોટ ડિવિઝનમાં ડિઝલ એન્જિનને બદલે ૯ ટ્રેનોમાં ઈલેક્ટ્રિક એન્જિન લગાવાવમાં આવતા એન્જિન બદલવાનો સમય પણ ઘટશે. ડિઝલ એન્જિનની સરખામણીએ ઈલેક્ટ્રિક એન્જિન ધરાવતી ટ્રેનની ઝડપ વધુ હોવાથી લોકોની મુસાફરીનો સમય પણ બચશે.રાજકોટ રેલવે ડિવિઝનની ઓખા-ભાવનગર-ઓખા,હાપા-મુંબઈ સેન્ટ્રલ-હાપા(દુરન્તો),જામનગર-બાદ્રા જામનગર (હમસફર), જામનગર-વડોદરા-જામનગર,ઓખા-મુંબઈ સેન્ટ્રલ-ઓખા(સૌરાષ્ટ્ર મેઈલ),ઓખા-જગન્નાથપુરી-ઓખા,હાપા-માતા વૈષ્ણોદેવી કટરા-હાપા, જામનગર-માતા વૈષ્ણોદેવી કટરા-જામનગર,ઓખા-ગોરખપુર-ઓખા આ ૯ ટ્રેનો ઈલેક્ટ્રિક એન્જિન સાથે દોડશે રેલવે વિભાગ દ્વારા ઈલેક્ટ્રિકફિકેશનનું કામ પૂર્ણ થતાં સૌથી વધારે ફાયદો સૌરાષ્ટ્રના મુસાફરોને થવાનો છે.

આ કામગીરીને કારણે લાંબા અંતરની ટ્રેનો જે અમદાવાદમાં ડિઝલ એન્જિનને કારણે એન્જિન બદલવામાં સમય જતો હતો તે સમય હવે બચી જશે. આ ઉપરાંત પ્રદૂષણમાં પણ ઘટાડો થશે. આ સાથે રેલ્વે વિભાગના ખર્ચમાં પણ ૩૦ ટકા સુધીનો ફાયદો થશે. ઈલેક્ટ્રિક એન્જિન થવાને કારણે રાજકોટને લાંબા અંતરની ટ્રેનો મળશે. રાજકોટ સહિત સૌરાષ્ટ્ર માટે આ કામગીરી આર્શિવાદરૂપ સાબિત થશે.

# ગુજરાતમાં ૩૩ જિલ્લાઓમાં જિલ્લાસ્તરનુ શક્તિ સદન બનાવવામાં આવશે



ગાંધીનગર,તા.૨૯

ઘરેલુ હિંસા ,નિરાધાર મહિલા, દેહ વ્યાપારનો ભોગ બનેલ મહિલાઓ પિડિતાને માટે સરકાર દરેક જિલ્લામાં શક્તિ સદન બનાવવા જઈ રહી છે. આ શક્તિ સદનમાં, પિડિત મહિલા વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી આશ્રય લઈ શકશે. મેજીસ્ટ્રેટની પરવાનગીથી ત્રણ વર્ષ કરતા વધુ સમય પણ રહી શકશે.

હાલમાં ગુજરાતમાં ત્રણ જિલ્લામાં શક્તિ સદન અસ્તિત્વમાં છે. આવનારા દિવસોમાં રાજયના અન્ય જિલ્લાઓમાં પણ શક્તિ સદન અસ્તિત્વમાં આવશે.ગુજરાતના મહિલા અને બાળ કલ્યાણ વિભાગના સૂત્રોના જણાવ્યાનુંસાર, ગુજરાતમાં ૩૩ જિલ્લાઓમાં જિલ્લાસ્તરનુ શક્તિ સદન બનાવવામાં આવશે. આ શક્તિ સદનમાં, વધુમાં વધુ ૫૦ જેટલી મહિલાઓ રહી શકે તેવી વ્યવસ્થા હશે. શક્તિ સદનમાં આશ્રય લેનાર પિડિતા માટે રોજબરોજની જરૂરીયાતની તમામ ચીજવસ્તુઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. જેમાં ખોરાક, વસ્ત્રો, દવા સહિતની વસ્તુઓનો સમાવેશ થાય છે.પ્રથમ તબક્કામાં ગાંધીનગર, અમદાવાદ, પાટણ, ડાંગ, સુરેન્દ્રનગર અને આણંદમાં શક્તિ સદન બનાવવામાં આવ્યા છે. આ શક્તિ સદનમાં હાલમાં કેટલીક મહિલાઓ આશ્રય લઈ રહી છે. ત્રણ જિલ્લામાં બનાવેલ શક્તિ સદનને ધ્યાને લઈને રાજ્ય સરકારે હવે ગુજરાતના તમામ જિલ્લાઓમાં બનાવવાનો નિર્ણય લીધો છે. આગામી દિવસોમાં મહિલા લક્ષી ગુન્હાનો ભોગ બનેલ મહિલા પિડિતાને આત્મસન્માન અર્થે અને સમાજમાં પુન સન્માનજનક જીવન જીવી શકે તે હેતુથી શક્તિ સદન બનાવવામાં આવશે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

અસ્પૃશ્યતા આપણા સમાજ અને દેશના મસ્તક પર કલંક છે.

- વીર સાવરકર

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.બહમન-૧૩૯૨, મુ. જીલ્હજ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, અષાઢ સુદ-૧૧ દેવશયની એકાદશી, સૌરાષ્ટ્રમાં મોરાકત પ્રારંભ, મુ. બકરીઈદ તા.૨૯ જૂન ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૧૦, સ્વાતિ નક્ષત્ર, સિધ્ધ યોગ, વણિજ કરણ, સૂ.ઉ.૬:૦૮, સૂ.અ.૭:૪૦

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી તુલા (ર ત) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.
વૃષભ: નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.
મિથુન: માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.
કર્ક: વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.
સિંહ: કાર્યોમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાશે.
કન્યા: જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.
તુલા: ધીરજની કસોટી થાય. મનમાં ઉગ્રતા રહે.
વૃશ્ચિક: અગત્યના કામમાં રૂકાવટ આવે. નાણાંભીડ ઉદ્ભવે.
ધન: ઘરમાં વાદ-વિવાદના પ્રશ્ન બને. પ્રયત્નો વિલંબથી ફળે.
મકર: આરોગ્ય બાબતે ચિંતા રહે. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.
કુંભ: ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.
મીન: પુરૂષાર્થ પછી યોગ્ય ફળ મળે. પડવા-વાગવાથી સંભાળવું.

# ગુજરાતમાં ૨૦૬ જળાશયો પૈકી ૦૬ જળાશય હાઈ એલર્ટ પર



ગાંધીનગર,તા.૨૯

ગુજરાતના રાહત કમિશનર આલોકકુમાર પાંડેના અધ્યક્ષસ્થાને સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC ગાંધીનગર ખાતે વેધર વોચ ગ્રુપની બેઠક યોજાઈ હતી. જેમાં રાજયમાં ચોમાસાની સ્થિતિ અને તે માટે તમામ વિભાગોની તૈયારી અંગે સમીક્ષા કરી રાહત કમિશનર દ્વારા તમામ વિભાગોને જરૂરી માર્ગદર્શન અને સૂચનો આપવામાં આવ્યા હતા.આ બેઠકમાં IMDના અધિકારી દ્વારા વરસાદની સ્થિતિ અંગે માહિતી આપતા જણાવ્યું કે, ચાલુ સપ્તાહ દરમ્યાન સમગ્ર ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે. ૨૮ થી ૩૦ જૂન દરમ્યાન દક્ષિણ ગુજરાતના નવસારી અને વલસાડ જીલ્લામાં ભારેથી અતિ ભારે વરસાદ પડવાની સંભાવના છે. સિંચાઈ વિભાગના અધિકારી દ્વારા જણાવવામાં આવ્યું કે, રાજયમાં ૨૦૬ જળાશયો પૈકી ૦૬ જળાશય હાઈ એલર્ટ, ૦૩ એલર્ટ, ૦૧ વોર્નિંગ પર છે.એન.ડી.આર.એફ તથા એસ.ડી.આર.એફ.ના અધિકારી દ્વારા જણાવેલ છે કે, ચોમાસામાં વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા ડીપ્લોયમેન્ટ પ્લાન તૈયાર કરી લેવામાં આવ્યો છે અને તમામ ટીમોને એલર્ટ મોડ પર રાખવામાં આવી છે.આ બેઠકમાં GSDMA, CWC,કૃષિ, આરોગ્ય, ફોરેસ્ટ, બાયસેગ, જી.એમ.બી.,પંચાયત, કોસ્ટ ગાર્ડ, ઈસરો, ઉર્જા, ફીશરીઝ, માર્ગ અને મકાન, GSRTC, એરફોર્સ, ફાયર, યુ.ડી.ડી., ICDS,પશુપાલન, BSF,અન્ન અને નાગરિક પુરવઠા અને માહિતી વિભાગના નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

જો કે આજે, ગુજરાતના ૧૦૧ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ પડ્યો છે. જેમાં ૧૧ તાલુકાઓમાં ૨ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે ૩૩ તાલુકાઓમાં ૧ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે. જ્યારે ભાવનગરના ઘોઘા અને વલભીપુરમાં સૌથી વધુ ૨.૫ ઈંચ વરસાદ પડ્યો છે.જ્યારે નવસારી અને બારડોલીમાં પણ ૨.૫ ઈંચ વરસાદ પડ્યો છે. તેમજ મહુવા, ધરમપુર, મુંદ્રા, જલાલપોર અને ચીખલીમાં ૨.૨૫ ઈંચ અને ખેરગામ, ગણદેવી, વાલોડ અને નેત્રંગમાં ૨ ઈંચ વરસાદ વરસ્યો છે.

# કોંગ્રેસ-સીપીઆઈએમ-ભાજપ બંગાળમાં સાથે મળીને કરે છે કામ : મમતા બેનર્જી

કોલકાતા,તા.૨૯

બિહારના પટનામાં મુખ્યમંત્રી નિતિશ કુમારની આગેવાની હેઠળ વિપક્ષી પાર્ટીઓની મહાગઠબંધન બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પણ ભાગ લીધો હતો. બેઠક બાદ હવે મમતા બેનર્જીના સૂર બદલાયા છે. બંગાળમાં આગાની સમયમાં પંચાયત ચૂંટણી યોજાવાની છે ત્યારે પ્રચાર વખતે મમતા બેનર્જીએ કેન્દ્રની ભાજપ (BJP) સરકાર પર આકરા પ્રહારો કર્યા સાથે જ CPI(M) અને કોંગ્રેસ પર પણ પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે બંગાળમાં BJP, CPM અને કોંગ્રેસ સાથે મળીને કામ કરી રહ્યા છે. આ સાથે જ મમતા બેનર્જીએ કહ્યુ કે, પંચાયત ચૂંટણીમાં ભાજપ,



CPI(M) અને કોંગ્રેસનો પરાજય થશે અને તૃણમૂલ કોંગ્રેસની જીત થશે. TMC માત્ર પંચાયતની ચૂંટણી જ નહીં, પરંતુ આગામી લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ પણ જીતશે. પશ્ચિમ બંગાળ પંચાયત ચૂંટણીમાં આ ૪ પક્ષ વચ્ચે સત્તા માટે લડાઈ છે. હાલની આ ચૂંટણીમાં આ ચારેય પક્ષ વચ્ચે જોરદાર ટક્કર થશે. મમતા બેનર્જીએ પટનાની બેઠકમાં પણ બંગાળ કોંગ્રેસના વલણને લઈને મુદ્દો ઉઠાવ્યો હતો અને રાહુલ ગાંધી સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો. પટનાની બેઠક બાદ હવે શિમલામાં જુલાઈમાં યોજાનારી બીજી બેઠકમાં પશ્ચિમ બંગાળનો મુદ્દો મહત્વપૂર્ણ રહેશે. વિપક્ષની ગઠબંધન બેઠકમાં જ્યારે પણ સીટની ફાળવણીની ચર્ચા થશે ત્યારે બંગાળમાં સીટ સમજૂતી સરળ નહીં રહે. જો રાષ્ટ્રીય સ્તરે ગઠબંધન અથવા બેઠકો પર સહમતિ હોય તો પણ શું CPM કે કોંગ્રેસ બંગાળમાં તૃણમૂલ સાથે એક જ ટેબલ પર બેસી શકે છે? ખાસ કરીને કોંગ્રેસ અને સીપીએમ જે રીતે તૃણમૂલ પર સતત પ્રહારો કરી રહ્યા છે અને મમતા બેનર્જી પણ તેમના પર સતત પ્રહારો કરી રહ્યા છે. બંગાળમાં સીપીએમ-કોંગ્રેસનું ગઠબંધન થઈ ચૂક્યું છે. પંચાયતની ચૂંટણીમાં પણ તેઓ એક થઈને લડી રહ્યા છે. ભાજપ મુખ્ય હરીફ હોવા છતાં ડાબેરી-કોંગ્રેસની મુખ્ય લડાઈ તૃણમૂલ સામે છે. ઝૅસ્ના રાજ્ય સચિવ મોહમ્મદ સલીમનું માનવું છે કે બંગાળમાં ચૂંટણી પહેલા ગઠબંધનની કોઈ શક્યતા નથી. મોહમ્મદ સલીમનો દાવો છે કે, કોઈ ગઠબંધન કે મોરચો માત્ર બંગાળમાં જ નહીં, પરંતુ રાષ્ટ્રીય પ્રદેશમાં પણ શક્ય નથી! આવી જ રીતે કોંગ્રેસના અધીર રંજન ચૌધરી પણ મમતા બેનર્જી પર પ્રહાર કરી રહ્યા છે.

# ભારતીય સુરક્ષા સંશોધકો દ્વારા ખાનગી માહિતીમાં ખુલાસો થયો

નવીદિલ્હી,તા.૨૯



પાકિસ્તાન તેની હરકતોથી બહાર આવી રહ્યું નથી. તે દરરોજ અલગ-અલગ યુક્તિઓ અપનાવી રહ્યું છે. આ વખતે, ભારતીય સુરક્ષા સંશોધકોએ ખુલાસો કર્યો છે કે પાકિસ્તાનમાં રહેલા હેકર્સ દ્વારા ભારતીય સૈન્ય અને શિક્ષણ ક્ષેત્ર પર સાયબર હુમલાની નવી જાણકારી મળી છે. પુણે સ્થિત ક્વિક હીલ ટેક્નોલોજીસની સાહસ શાખા સેક્રેટના અહેવાલ મુજબ, ટ્રાન્સપરન્ટ ટ્રાઈબ ભારત સરકાર અને લશ્કરી સંસ્થાઓને નિશાન બનાવી રહી છે. સુરક્ષા સંશોધકોએ પાકિસ્તાન રહેલા ટ્રાન્સપરન્ટ ટ્રાઈબ નામના હેકર જૂથ દ્વારા કરવામાં આવેલા સાયબર હુમલાને શોધી કાઢ્યું છે. ટ્રાન્સપરન્ટ ટ્રાઈબનો એક પેટા વિભાગ, જેને સાઈડકોપી તરીકે ઓળખવામાં આવે છે, તેની પણ ઓળખ ભારતીય રક્ષા સંસ્થાને લક્ષ્યાંક તરીકે કરવામાં આવી છે. હેકિંગ ઓપરેશન તાજેતરમાં પ્રકાશમાં આવ્યું હતું. જ્યારે ઢ઼ઈર્ઢ઼ના એક વરિષ્ઠ વૈજ્ઞાનિકને પાકિસ્તાની એજન્ટો માટે સંવેદનશીલ માહિતી લીક કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી, જેમણે તેને હની-ટ્રેપમાં ફસાવ્યા હતા. અહિયા એવા ઉપકરણ આપવામાં આવ્યા છે કે જેનો ઉપયોગ કરીને હેકર જૂથ તેમની મોડસ ઓપરેન્ડી સહિત ઘણુ બધુ જાણી શકે છે. મે ૨૦૨૨થી, ટ્રાન્સપરન્ટ ટ્રાઈબ પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ જેમ કે ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલોજી (IIT), નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નૉલૉજી (NIT) અને દેશની કેટલીક સૌથી મોટી બિઝનેસ સ્કૂલોને હેક કરવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે. આ હુમલાઓ ૨૦૨૩ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં વધુ તીવ્ર બન્યા હોવાનું કહેવાય છે. આ સંસ્થાઓને શા માટે ટાર્ગેટ કરવામાં આવી રહી છે તે સ્પષ્ટ નથી, ટ્રાન્સપરન્ટ ટ્રાઈબ ભારત સરકાર અને લશ્કરી સંસ્થાઓને નિશાન બનાવી રહી છે પરંતુ તેમાંથી કેટલીક ભારતીય સંરક્ષણ દળો સાથે નજીકથી કામ કરતી હોવાથી તે હોઈ શકે છે. અહેવાલ મુજબ, પાકિસ્તાન સ્થિત જૂથ (જેને ABD36 કહેવાય) છે. ભારતીય સેનાને ટીમને જાણવા મળ્યું કે ફાઈલને કાયદેસરના દસ્તાવેજ તરીકે છૂપાવવામાં આવી હતી. પરંતુ તેમાં કમજોરીઓનો ફાયદો લેવા માટે એમ્બેડેડ માલવેરનો ઉપયોગ કરવામાં આવે છે.

# સત્યમ સેવા યુવક મંડળ દ્વારા સન્માન કરાયું

જૂનાગઢ, તા.૨૯

ગુજરાત હાઈકોર્ટના ન્યાયધીશ તરીકે શ્રી જે.સી.દોશીની નિમણુંક થતા જૂનાગઢનું ગૌરવ વધારેલ છે. આ તકે તેઓશ્રીને સત્યમ સેવા યુવક મંડળના પ્રમુખ મનસુખભાઈ વાજા તથા અલ્પેશભાઈ પરમાર દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.



# કોડીનાર દુદાણા - દેવલપુર ગામને જોડતા રસ્તા મુદ્દે વિવાદ યથાવત

## બંને ગામને તેમજ અનેક ખેડૂતોની જમીનને જોડતો મુખ્ય રસ્તો ખોદી નાખતા પોલીસ ફરિયાદ નોંધાઈ

(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૨૯

દુદાણા - દેવલપુર ગામને જોડતા રસ્તા મુદ્દે છેલ્લા ઘણા સમયથી વિવાદ ચાલી રહ્યો છે ત્યારે બંને ગામને તેમજ અનેક ખેડૂતોની જમીનને જોડતો મુખ્ય રસ્તો ખોદી નાખતા ખેડૂત અમરીશભાઈ રણવીરભાઈ રાઠોડે પોલીસ ફરિયાદ કરી છે જેમાં જણાવ્યા મુજબ ગત તા.૨૪ના સાંજના ૫.૩૦ કલાકે ખેડૂત અમરીશભાઈ પોતાની જમીને કામ કરતા હતા તે દરમ્યાન દુદાણાથી દેવલપૂરને જોડતાં મુખ્ય રસ્તો જે.સી.બી.વડે ખોદતાં મે તેઓને અટકાવવા માટે તાત્કાલીક ૧૦૦ નંબર ડાયલ કરી પોલીસને જાણ કરેલ જેથી પોલીસ આવી જતાં ત્યાં રણજીતભાઈ રામભાઈ રાઠોડ આવી ગયેલ અને કહેવા લાગેલ કે અમારે અહીયા પાઈપ લાઈન નાંખવી છે. જેથી અમોએ કહેલ કે અહીંયા તમારી જમીન નથી કોઈ પાઈપ પડયા નથી તો આ ખાડા શું કામ કરો છો ! જેથી પોલીસ વાળાએ કહેલ કે આ ખાડા તાત્કાલીક બુરી દેજો તો તેઓએ કહેલ કે હાહું બુરી દઈશ, પરંતુ આજદીન સુધી બુરવા માટે કોઈ આવેલ નથી. અનેક ખેડૂતો ને તેમજ રાહદારીઓને અડચણ થાય તે રીતે રસ્તો ખોદી નાંખેલ હોય હાલ ચોમાસાની સીઝન હોય રસ્તામાં અવર-જવર કરવી મુશ્કેલ બનેલ છે. ખાડામાં વરસાદી પાણી ભરાઈ જત અકસ્માતનો પણ સતત ભઈ રહે છે માટે આ રસ્તો ખોદી લોકોને નુકસાન પહોંચાડનાર તમામ શખ્સો ઉપર ફરિયાદ નોંધણી કાયદેસર કાર્યવાહી કરવા અરજી કરી છે તેમજ અમરીશભાઈ રાઠોડે આ અંગે કોડીનાર મામલતદારને મુખ્યમંત્રી સ્વાગત કાર્યક્રમમાં પ્રશ્ન રજૂ કરતા જણાવ્યું હતું કે કોડીનાર તાલુકના દુદાણાથી દેવલપુર ગામને જોડતો રોડ પંચાયત માર્ગ અને મકાન પેટા વિભાગ હસ્તક દોઢેક વર્ષથી મંજુર થયેલો હોય આ રોડ માટે ખેડૂતોને સાથે રાખી તંત્ર દ્વારા સર્વે કરી રોડની બંને સાઈડનાં ખેડૂત ખાતેદારોની તા.૧૦/૧૧/૨૦૨૨ના રોજની સહી સંમતિથી વચ્ચે રસ્તો બનાવવાનું નક્કી થયું હતું ત્યારબાદ આ રસ્તા અંગે રાયસિંહભાઈ સીદીભાઈ રાઠોડ વગેરે દ્વારા મામલતદાર કોર્ટ એક્ટ-૧૯૦૬ની કલમ-૫ હેઠળ રસ્તાની અટકાયત દુર કરવા બાબત મામ. કોર્ટ એક્ટ કેસ નં.૧૨૨૦૧૮ થી કેસ દાખલ કરેલ અને તેના સંદર્ભમાં તા.૪/૯/૨૦૧૯ નારોજ હુકમ મુજબ દુદાણા ગામની ઉતરે દુદાણાથી દેવલપુર ગામ તરફ જતો ગાડા માર્ગ રસ્તો હાલ સ્થળે ખુલ્લો આવેલ છે. પ્રતિવાદીની સર્વે નં.૮૨, ૪૨ પૈકી ૧ તથા ૮૪ પૈકીર વાળી ખેતીની જમીનને લગત રસ્તાની પહોળાઈનો પ્રશ્ન છે. પ્રતિવાદીઓએ સદરહું રસ્તાને લગત તેઓની ખેતીની જમીનની માપણી ફી ભરપાઈ કરેલ હોય તથા માપણી થયેથી રસ્તામાં તેઓનું કોઈ દબાણ નીકળશે તો તે ખુલ્લુ કરવા સંમતિ આપેલ છે. જેથી આ કામે અત્રેથી વિશેષ કોઈ નિર્ણય કરવાનો રહેતો નથી. ડી.આઈ.એલ.આર. દ્વારા સવાલ વાળી જમીનની માપણી થયેથી, માપણી શીટમાં જે હકીકત માલુમ પડે તે મુજબ પક્ષકારોએ અમલવારી કરવાની રહેતી હોય હાલ સદરહું કેસ રજી. દુર કરવાનો હુકમ કરવામાં આવે છે" ત્યાર બાદ સદર જમીનની માપણી શતાં સર્વે નં.૪૧, ૪૨ પૈકી,૮૨, ૮૧, ૮૪ પૈકી, ૮૩ની જમીનમાં માપણી શીટ મુજબ રસ્તામાં દબાણ છે. તેવું સાબિત થાય છે. આમ જણાવી દુદાણા-દેવલપુર રસ્તામાં રહેલ દબાણ ખુલ્લું કરી રસ્તો વચ્ચે બનાવવામાં આવે અને બંને સાઈડ ખુલ્લી રાખવામાં આવે અને તેમાં ચોમાસા દરમ્યાન વરસાદી પાણીના નિકાલ માટે પાકી ગટર બનાવી આપવી તેવી ખેડૂતોએ માંગણી કરી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ રસ્તા અંગે અમરીશભાઈએ મૌખિક રજૂઆત કરતા જણાવ્યું હતું કે દુદાણા ગ્રામ પંચાયતના સરપંચના પતિના ઈશારે રસ્તામાં અમુક ખેડૂતો એ કરેલું દબાણ દૂર કરવાના બદલે મને યેનકેન પ્રકારે હેરાન કરી નુકસાન પહોંચાડવામાં આવે છે. જો કે આ બાબતે દુદાણા ગ્રામ પંચાયત દ્વારા પણ અગાઉ રજૂઆત કરી રાજીનામાની ચિમકી ઉચ્ચારી હતી ત્યારે ફરી ખેડૂતે અરજી કરતા આ મુદ્દો ગરમાયો છે હવે તો તંત્ર જ તટસ્થ તપાસ કરી સત્ય શું છે તે જાણી યોગ્ય કાર્યવાહી કરી આ રસ્તાનો વિવાદ ઉકેલી વહેલી તકે રસ્તો બનાવે તેવું ગામલોકો ઈચ્છી રહ્યા છે.

## રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન

# શ્રીમતી નીતા એમ. અંબાણીએ યુકેના બકિંગહામશાયરના સ્ટોક પાર્ક ખાતે બૂડલ્સ ટેનિસમાં પહેલો રિલાયન્સ ફાઉન્ડેશન ઈએસએ કપ એનાયત કર્યો

મુંબઈ, તા.૨૯



રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા એમ. અંબાણીએ બકિંગહામશાયરના સ્ટોક પાર્ક ખાતે ધ બૂડલ્સ ટેનિસ ઈવેન્ટમાં ડીએગો શ્વાર્ટઝમેનને પહેલો રિલાયન્સ ફાઉન્ડેશન ઈએસએ કપ એનાયત કર્યો હતો. સ્ટોક પાર્ક ખાતે ધ બૂડલ્સ ખરેખર અનોખી સ્પર્ધા છે. આ એક એક્ઝિબિશન ટેનિસ ઈવેન્ટ છે,જે વિમ્બલ્ડન ખાતે ચેમ્પિયનશિપ્સ માટેની સૌથી ભવ્ય વોર્મ-અપ ગેમ છે. સ્ટોક પાર્કમાં રમાનારી આ ટેનિસ ઈવેન્ટ આ વર્ષે તેની ૧૯મી વર્ષગાંઠની ઉજવણી કરે છે અને આ વર્ષે ૨૭મી જૂનથી પહેલી જુલાઈ ૨૦૨૩ દરમિયાન યોજાઈ રહેલી પાંચ દિવસની ટેનિસ ઈવેન્ટમાં દરરોજ રિલાયન્સ ફાઉન્ડેશન ઈએસએ કપનો એવોર્ડ ધ આપવામાં આવશે. મંગળવાર (૨૭મી જૂન)ના રોજ શ્રીમતી નીતા એમ. અંબાણીએ વિજેતા આર્જેન્ટિનિયન ખેલાડી ડીએગો શ્વાર્ટઝમેનને પહેલો રિલાયન્સ ફાઉન્ડેશન ઈએસએ કપ એનાયત કર્યો અને યુકેના બકિંગહામશાયર સ્થિત એક્શન૪યુથને દાન આપ્યું, જેની પાછળનો ઉદ્દેશ આપણે જાણીએ છીએ એ મુજબ વિજેતાની સંવેદનાઓની ખૂબ જ નજીક છે. આ પ્રસંગે બોલતા રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા એમ. અંબાણીએ જણાવ્યું હતું કે "અહીં એકદમ અદ્દભૂત વાતાવરણ હતું. અમને કેટલીક ખૂબ સુંદર ટેનિસ જોવા મળી. રમતની સાથે સમાજસેવા કરવાના અવસરે આ ઈવેન્ટને વધારે સાર્થક બનાવી. તમામ યુવાનોને શુભકામના આપું છું અને આશા રાખું છું કે તેઓ તેમની પસંદગીની કોઈપણ રમત અપનાવે અને તેમનામાં અને તેમની આસપાસના લોકોમાં ઉત્સાહ, વિશ્વાસ, સકારાત્મક વલણ અને જીવનમાં સ્થિતિસ્થાપકતા, આનંદ લાવે. "એજ્યુકેશન એન્ડ સ્પોર્ટ્સ ફોર ઓલ અભિયાનએ એક વ્યાપક વિકાસ કાર્યક્રમ છે જે રિલાયન્સ ફાઉન્ડેશન (રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની સીએસઆર પાંખ) દ્વારા સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી નીતા એમ. અંબાણીના નેતૃત્વ હેઠળ ચલાવવામાં આવે છે જે બાળકો માટે શિક્ષણ અને રમતગમતની તકોના સર્વગ્રાહી વિકાસ અને સમાનતાને પ્રોત્સાહન આપતી વિવિધ પહેલોને સમર્થન આપે છે. બૂડલ્સ ટેનિસ ચેલેન્જ સાથે ઈએસએ અભિયાન ભારતની બહાર તેની પાંખો ફેલાવશે. ભારતમાં લાખો લોકોના જીવનને પ્રભાવિત કર્યા બાદ આ પ્રોગ્રામનો ઉદ્દેશ્ય હવે સ્ટોક પાર્કમાં બાળકોના જીવનને સ્પર્શવાનો અને દરેક માટે રમતગમતને સુલભ બનાવવાનો પ્રયાસ કરશે અને સાથે સાથે આગામી પેઢીને તેમના રોજિંદા જીવનમાં રમતગમતને અપનાવવા માટે પ્રેરણા આપશે.

# G-20ની શરૂઆત કેવી રીતે થઈ : રસપ્રદ વિગતો

૧૯૭૫ના આર્થિક સંકટ બાદ દુનિયાની છ મહાસત્તાઓએ એક સાથે આવવાનો નિર્ણય લીધો. આ ૬ દેશોમાં અમેરિકા, જર્મની, ફ્રાન્સ, ઈટાલી, જાપાન અને બ્રિટનનો સમાવેશ થતો હતો. એક વર્ષ બાદ આ સમુહમાં કેનેડા પણ ઉમેરાયું અને એ રીતે G-7ની શરૂઆત થઈ. ૯૦ના દાયકામાં સોવિયેત સંઘનું પતન થયા બાદ આ સમૂહમાં રશિયાનો સમાવેશ કરવા માટેના પ્રયાસો થવા લાગ્યાં. છેવટે ૧૯૯૮માં રશિયા પણ આ સમૂહમાં જોડાઈ ગયું અને G-7 સમૂહ G-8 બની ગયો. એ પછીના વર્ષે ૧૯૯૯ના જૂનમાં જર્મનીના કોલોન શહેર ખાતે G-8 દેશોની બેઠક થઈ ત્યારે એશિયાના આર્થિક સંકટ વિશે ચર્ચા કરવામાં આવી. એ સમયે દુનિયાભરની ૨૦ સૌથી શક્તિશાળી અર્થવ્યવસ્થાઓને એક મંચ ઉપર લાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. એ જ વર્ષે ડિસેમ્બરમાં જર્મનીના બર્લિન ખાતે G-20ની રૂપરેખા તૈયાર કરવા માટે બેઠક યોજાઈ.

આ બેઠકમાં સભ્ય દેશોના નાણા મંત્રીઓ અને કેન્દ્રીય બેંકોના ગવર્નરોએ ભાગ લીધો. એવું મનાય છે કે વીસ દેશોની યાદી તૈયારકરવાનું કામ અમેરિકા અને જર્મનીએ કર્યું હતું. ભારત ૧ ડિસેમ્બર ૨૦૨૨ થી ૩૦ નવેમ્બર ૨૦૨૩ સુધી ય૨૦નું પ્રમુખપદ ધરાવે છે. ભારતની G-20 પ્રેસિડેન્સીની થીમ છે -"વસુધૈવ કુટુમ્બકમ’" અથવા "એક પૃથ્વી. એક પરિવાર. એક ભવિષ્ય". G-20 સભ્યોમાં ૧૯ દેશોનો સમાવેશ થાય છે (આર્જેન્ટિના, ઓસ્ટ્રેલિયા, બ્રાઝિલ, કેનેડા, ચીન, ફ્રાન્સ, જર્મની, ભારત, ઈન્ડોનેશિયા, ઈટાલી, જાપાન, રિપબ્લિકઓફ કોરિયા, મેક્સિકો, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, તુર્કી, યુનાઈટેડ કિંગડમ અને યુનાઈટેડ સ્ટેટ્સ) અને યુરોપિયન યુનિયન. G-20 સભ્યો વૈશ્વિક જીડીપીના લગભગ ૮૫%, વૈશ્વિક વેપારના ૭૫% અને વિશ્વની લગભગ બે તૃતીયાંશ વસ્તીનું પ્રતિનિધિત્વ કરે છે. G-20 પ્રેસિડેન્સી એક વર્ષ માટે G-20 કાર્યસૂચિનું સંચાલન કરે છે અને સમિટનું આયોજન કરે છે. G-20 બે સમાંતર ટ્રેક ધરાવે છેઃ ફાયનાન્સ ટ્રેક અને શેરપા ટ્રેક. નાણા મંત્રીઓ અને સેન્ટ્રલ બેંકના ગવર્નરો ફાઈનાન્સ ટ્રેકનું નેતૃત્વ કરે છે જ્યારે શેરપાઓ શેરપા ટ્રેકનું નેતૃત્વ કરે છે. શેરપા તરફથી ય૨૦ પ્રક્રિયાનું સંકલન સભ્ય દેશોના શેરપાઓ દ્વારા કરવામાં આવે છે, જેઓ નેતાઓના અંગત દૂત છે. G-20 કહેવાતા આ સમૂહનું આખું નામ છે ગ્રુપ ઓફ ૨૦ છે. આ સંગઠનમાં ૧૯ દેશ અને વીસમા સાથીદાર તરીકે યૂરોપિયન યુનિયન સામેલ છે. ય૨૦ એ આંતરરાષ્ટ્રીય આર્થિક સહયોગ માટેનું મુખ્ય આંતર-સરકારી મંચ છે. આ ફોરમ તમામ મુખ્ય આંતરરાષ્ટ્રીય આર્થિક મુદ્દાઓ પર વૈશ્વિક આર્કિટેકચર અને ગવર્નન્સને આકાર આપવા અને મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. G-20ના સભ્ય દેશો વર્ષમાં એક વખત શિખર બેઠક યોજીને એકબીજાને મળે છે. G-20ની આ શિખર બેઠકમાં સભ્ય દેશોના રાષ્ટ્રપ્રમુખો ઉપરાંત એ દેશોની કેન્દ્રીય બેંકોના ગવર્નર પણ સામેલ થાય છે. યૂરોપિયન યુનિયનનું પ્રતિનિધિત્તવ યૂરોપિયન કમિશન કરે છે અને યૂરોપિયન સેન્ટ્રલ બેંક પણ શિખર બેઠકમાં ભાગ લે છે. G-20માં મુખ્યત્ત્વે આર્થિક મુદ્દાઓ ઉપર ચર્ચા થાય છે. ભારતના G-20 શેરપા અમિતાભ કાંત છે. બે ટ્રેકની અંદર, થીમ આધારિત કાર્યકારી જૂથો છે જેમાં સભ્યોના સંબંધિત મંત્રાલયો તેમજ આમંત્રિત/અતિથિ દેશો અને વિવિધ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓના પ્રતિનિધિઓ ભાગ લે છે. ફાયનાન્સ ટ્રેકનું નેતૃત્વ મુખ્યત્વે નાણા મંત્રાલય કરે છે. આ કાર્યકારી જૂથો દરેકપ્રમુખપદના કાર્યકાળ દરમિયાન નિયમિતપણે મળે છે. શેરપાઓ વર્ષ દરમિયાન વાટાઘાટોની દેખરેખ રાખે છે, શિખર સંમેલન માટે કાર્યસૂચિની બાબતોની ચર્ચા કરે છે અને G-20 ના મહત્વપૂર્ણ કાર્યનું સંકલન કરે છે. આ ઉપરાંત, સહાયક જૂથો છે જે G-20 દેશોના નાગરિક સમાજો, સંસદસભ્યો, સામાજિક, રાજકીય અને આર્થિક સમસ્યાઓ અથવા મુદ્દાઓ પર સલાહ, સૂચનો અને વિચારો પ્રદાન કરવા માટેનું નિષ્ણાંતોનું ચોક્કસ જૂથ, મહિલાઓ, યુવાનો, મજૂરો, વ્યવસાયો અને સંશોધકોને એકસાથે લાવે છે. G-20 સમિટ દર વર્ષે ફરતી પ્રમુખપદ સાથે યોજાય છે અને ૨૦૨૩માં ભારત પ્રમુખપદ સંભાળશે. જૂથ પાસે કાયમી સચિવાલય નથી અને પ્રમુખપદના અગાઉના, વર્તમાન અને ભાવિ ધારકો દ્વારા સમર્થિત છે, જેને ટ્રોઈકા તરીકે ઓળખવામાં આવે છે. ૨૦૨૩ માં, ટ્રોઈકામાં ઈન્ડોનેશિયા, બ્રાઝિલ અને ભારતનો સમાવેશ થાય છે.



આપણે અંદરો અંદર લડવામાંથી નવરા નહીં પડીએ તો ચુંટણી કેમ લડશું !



ડોકટર કે વકીલ નહીં, મોટો થઈ હું નેતા બનીશ અને ભ્રષ્ટાચાર કરીશ !

